सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૨૨/૦૪/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૨૨/૦૪/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૨૭/૦૨/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન<br>૦૦ – ૧૦ – ૦૫ |

**નામદાર મજુર અદાલત નં. ૨ જામનગરના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ,**
**મુકામ: જામનગર**

**રેફરન્સ (ટી) નં. ૩૭/૨૦૨૫**
**આંક : ૧૩**

**પ્રથમ પક્ષકાર :** (૧) કાર્યપાલક ઈજનેરશ્રી,
રાજકોટ સિંચાઈ વિભાગ, બહુમાળી, રાજકોટ
(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
આર.આઈ.પી.સી., આજી–૪,
૬/૪ સબ ડિવિઝન પ્રાંત કચેરી,
ખારવા રોડ, ધ્રોલ , જામનગર

**<u>વિરુધ્ધ</u>**

**બીજા પક્ષકાર :** મનોજભાઈ હરીભાઈ ભંડેરી
કે/ઓ. મજુર મહાજન સંઘ
૨૧૦, એવન કોમ્પ્લેક્ષ, કે.વી.રોડ, જામનગર

**વિષય: ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ– ૧૦ (૧) અન્વયે**

| | |
|---|---|
| **પ્રથમ પક્ષકાર તરફે** | : વિ.સરકારી વકીલ શ્રી એચ.ડી.મહેતા |
| **બીજા પક્ષકાર તરફે** | : વિ.પ્રતિ નિધી શ્રી પી.આર.જોષી |

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''સામાવાળા'' અને ''અરજદાર'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતા મદદનીશ શ્રમ આયુકતશ્રી, જામનગર સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમા સમાધાન નહિ થતા સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, જામનગરના હુકમ ક્રમાંક :એ.કે.એચ.એલ.સી./આર.એ.જે./ ૦૬ /૨૦૨૫, તા. ૦૭/૦૩/૨૦૨૫, પત્ર ક્રમાંક : મશ્રઆ/જામ/૨૦૨૫/ ૧૬૬૮, તા. ૧૬ /૦૪/ ૨૦૨૫ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**–: અનુસૂચિ :–**

**મનોજભાઈ હરીભાઈ ભંડેરીને તા.૦૧/૦૧/૨૦૧૨ થી કોઈપણ જાતના વાંક, ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લેવા જોઈએ કે કેમ ?**

(૩) આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા અરજદાર તેમના વિ.પ્રતિનિધી શ્રી પી.આર.જોષીએ હાજર થઈ આંક–૩ થી તેમનું અધિકાર પત્ર રજૂ કરેલ છે.

(૪.૧) આ કામમાં અરજદારે આંક–૪ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ

છે. જેની ટુંકી વિગત એવી છે કે, અરજદાર સામાવાળા નં.૧ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગના તાબા નીચેના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, આજી–૪, સબ ડિવિઝન–૬/૪ ધ્રોલ ખાતેની કચેરીમાં મજુર તરીકે વર્ષ ૨૦૦૧ થી ફરજ બજાવતા હતા. વેતન મીનીમમ વેજીસ અનુસાર હાજરી મજુર દૈનિક વેતન ચુકવતા હતા. આ કામના અરજદાર આ કામના સામાવાળા નં.૨ ના તાબા નીચેની ડેમ સાઈડ તથા કેનાલની લતીપુર પાસે મજુર તરીકે તા.૦૧ /૦૧/૨૦૧૨ સુધી ૨૪૦ દિવસ કરતા વધારે નોકરી કરેલ હતી.

(૪.૨) આ કામના સામાવાળા અરજદારની હાજરી પુરતા તે સિવાય કોઈ લેખીતમાં નિમણુંક હુકમ કે હાજરી કાર્ડ કે પગાર ચિઠ્ઠી આપતા નહિ. સદર હાજરીનો રેકર્ડ સામાવાળાના કબ્જામા છે. અને અમોને રૂા.૨૫૦૦–૩૦૦૦ થી પગાર રોકડમાં ચુકવતા હતા. સામાવાળા દ્વારા અરજદારને અલગ અલગ જગ્યા ઉપર કામ આપવામાં આવતુ અને મસ્ટરમાં હાજરી પુરતા હતા. કયારેય હેન્ડરીસીપ્ટ ઉપર કામ આપવામાં આવતુ હતુ અને વાઉચર ઉપર સહી લેવામાં આવતી હતી.

(૪.૩) વધુમાં જણાવેલ છે કે, અરજદાર જે ફરજ બજાવતા તે કાયમી પ્રકારની હતી. આ કામના સામાવાળા નં.૨ એ અરજદારને તા.૦૧/૦૧/ ૨૦૧૨ ના રોજ નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર ચુકવ્યા વગર મૌખિક હુકમથી છુટા કરેલ છે અને આમ સામાવાળાઓએ આઈ.ડી.એકટની કલમ ૨૫ એફ ની જોગવાઈઓનો ભંગ કરેલ છે. અને આ કલમમાં છટણીની પુર્વ શરતો નકકી કરાયેલ છે. જેનો અમલ સામાવાળાએ કરેલ નથી. આમ ગેરકાયદેસર છુટા કરતાં અમો વખતો વખત રજુઆત કરતા આવતા હોવાં છતાં અમોને પુનઃ ફરજ ઉપર ન રાખી અન્યો જુનીયર કર્મચારીને રાખેલ.

પરંતુ અમોની સાથે અન્ય કામદારો નામદાર મજુર અદાલતના હુકમ અન્વયે નોકરીમાં કામે રાખવામાં આવેલ. આથી અમો પુન: કામે માટે કચેરીએ ગયેલ. પણ કશો જ હકારાત્મક જવાબ ન આપતા કે અમોને કામને

ન લેતા આ વિવાદ ઉપસ્થિત કરેલ છે. અને આમ વિલંબ થયેલ છે. જે માફી આપવા વિનંતી. કારણ કે અમોની ઉંમર પણ થઈ ગઈ છે. અન્ય જગ્યાએ કામ મેળવી શકાય તેમ નથી અને બેકારી આવી જતા આર્થિક મુશ્કેલીમાં આવી ગયા છીએ. અને સામાવાળા ધ્વારા અમોને ગેરકાયદેસર છુટા કરતાં બેકાર બની ગયા છીએ ભવિષ્ય અધંકારમય બની ગયેલ છે. આથી અમોને સામાવાળા ધ્વારા મજુર કાયદાની જોગવાઈના અમલ કર્યા વગર નોકરીમાંથી છુટા કરેલ છે. જે રોજગારી પ્રાપ્ત થાય તે માટે અમારો વિવાદ ને વિલંબ માફ આપવા વિનંતી. વધુમાં સામાવાળાએ આ અંગેના નામદાર સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના જજમેન્ટનો ઉલ્લેખ કરેલ છે. આ અનુસાર વિલંબ માફ કરી આપવો જોઈએ. આમ તમામ બાબતો ધ્યાને રાખી અમોને. નોકરીમાં પુનઃ સ્થાપિત થવા સંબંધેના વિવાદને સમય મર્યાદા ન ગણી વિલંબ માફી આપવી જોઈએ. ત્યારબાદ અરજદારે સામાવાળાઓને માંગણાની નોટીસ આપેલ. તેનો સામાવાળાએ ઉડાઉ જવાબ આપેલ અને જણાવેલ કે સંસ્થામાં કામ જ કરેલ નથી.

(૪.૪) આ કામના સામાવાળા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારા–૧૯૪૭ ની નકકી કરેલ જોગવાઈઓનો અમલ કરેલ નથી. જેમા સમુચીત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે, ત્યાં સુધી કરી શકાશે નહિ. વધુમાં અરજદારે આઈ.ડી.એકટ–૧૯૪૭ ની કલમ ૨૫–જી, આઈ.ડી.એકટ ૧૯૪૭ ની કલમ ૨૫–એચ અને ધી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ વીથ ધી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ ગુજરાત રૂલ્સ ૧૯૬૬ ની જોગવાઈઓ ટાંકેલ છે.

(૪.૫) વધુમાં અરજદારે જણાવેલ છે કે, સામાવાળાએ અરજદારથી જુનીયરને કામે રાખેલ છે અને કામગીરી કરાવે છે. સામાવાળાએ અરજદારને કયારેય કામ ઉપર બોલાવેલ નથી. વધુમાં અરજદારને નોકરીમાંથી છુટા કરતી

વખતે કોઈ સીનીયોરીટી લીસ્ટ બતાવેલ નથી કે પ્રસિધ્ધ કરેલ નથી. અરજદારને છુટા કર્યા બાદ અરજદારે અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયાસ કરેલ છે. પરંતુ નોકરી મળેલ નથી. હાલ અરજદાર મજુરી કરી માસિક રૂા. ૧૨૦૦–૧૩૦૦ કમાઈ લે છે.

(૪.૬) અરજદારે સદર અરજી લાવી દાદ માંગેલ છે કે, આ કામના સામાવાળા નું અરજદારને નોકરીમાંથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવા, અરજદારને પડેલા દિવસોના પુરા પગાર સહિત સળંગ નોકરીથી મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા તથા આ રેફરન્સ ખર્ચના રૂા.૫,૦૦૦/– અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૫.૧) સામાવાળા–સંસ્થાને નોટીસ કાઢતા સામાવાળાઓને નોટિસ બજી જતા સામાવાળા તરફે વિ.વકીલશ્રી એચ.ડી. મહેતાનાઓએ હાજર રહી, આંક–૭ થી સામાવાળા નંબર ૨ તરફથી લેખિત બચાવનામું રજૂ કરેલ છે. આ કામે અરજદારે સામાવાળા નંબર ૧ વિરૂધ્ધની દાદ જતી કરવાની પુરશીસ આપેલ હોય જે રેકર્ડ પર લેવામાં આવેલ છે.

(૫.૨) આ કામે સામાવાળા નં. ૨ તરફે આંક–૭ થી પોતાનો જવાબ રજૂ કરવામાં આવેલો છે. જેની ટુંકી વિગત એવી છે કે, સામાવાળાની પેટા કચેરી સરકારશ્રીના સિંચાઈ વિભાગ હસ્તકની કચેરી છે જેને ઉદ્યોગની વ્યાખ્યા માં લાવવી યોગ્ય નથી, કારણ કે જે પાણી સિંચાઈ માટે ખેડુતોને આપવામાં આવે છે તે ખેત ઉત્પાદન માટે આપવામાં આવે છે જે જાહેર સેવા છે, નહિ કે ઉદ્યોગ. તેનો જે દર વસુલવામાં આવે તે નજીવો દર છે. ખેડુતોને પાણી પુરૂ પાડી નફો કરવાનો કોઈ આ શ ય સિંચાઈ વિભાગનો નથી. જેથી આઈ.ડી. એકટની લગત કલમ લાગુ પાડી શકાય નહિ.

(૫.૩) વધુમાં આ કેસ બાર વર્ષ વિલંબ બાદ કરવામાં આવેલ છે. જેમાં ભારત સરકાર દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૦ થી ઔદ્યોગિક વિવાદ ધારામાં કરવા

માં આવેલ સુધારા અન્વ્યે વિલંબના કારણોસર હાલનો રેફરન્સ ચાલવા પાત્ર નથી. વધુમાં જણાવેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના એસ.સી.એ.નંબર ૧૧૯૧/૨૦૧૬ ના તા.૦૮/૦૭/૨૦૨૪ ના ચુકાદામાં પણ અરજદારનો રેફરન્સ ડિલેના કારણે ગ્રાહય રાખવામાં આવેલ નથી. અહી પણ લગત કેસ બાર વર્ષના વિલંબ બાદનો છે જેથી નામંજુર થવા પાત્ર છે.

(૫.૪) વધુમાં જણાવેલ છે કે, અરજદારને છુટા કર્યા બાદ તેઓ દ્વારા કયા અધિકારીશ્રીઓને અને કયા દિવસે મૌખિક રજુઆત કરેલ છે તે જણાવેલ નથી. જેથી માત્ર વિલંબના કારણોમાં મૌખિક રજુઆત ગ્રાહય રાખી શકાય નહિ. જે અધિકારીશ્રીઓને રૂબરૂ મળેલ તેમની ઉલટ તપાસ તથા તેમનો જવાબ પણ જરૂરી છે. વધુમાં આ કામના સામાવાળાએ કયારેય પણ વર્ષમાં આઈ.ડી. એકટની એકપણ કલમનો ભંગ થાય તે રીતે અરજદાર પાસે કામગીરી લીધેલ જ નથી. જેથી હાજરી કાર્ડ કે પગાર ચિ ઠ્ઠી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫.૫) વધુમાં જણાવેલ છે કે, એક પણ કામદારને હેન્ડ રીસીપ્ટ પર કામગીરી આપવામાં આવેલી નથી. વર્ષ–૨૦૦૦ બાદ એકપણ રોજમદાર પાસે મસ્ટર ધ્વારા કામગીરી કરાવવામાં આવેલ નથી. સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૮/૦૨/૨૦૦૨ ના ઠરાવ અન્વયે અત્રેની પેટા કચેરી ધ્વારા તમામ પ્રકારના રોજમદારના પગાર જુલાઈ–૨૦૦૫ થી બેંક મારફત જ કરવામાં આવે છે. એકપણ રોજમદારને મસ્ટર, રોકડ ચિઠ્ઠી કે અન્ય આધાર દ્વારા રોકડથી ચુકવણુ કરવામાં આવેલ નથી. જેની ખાતરી કરવા અરજદારો પાસેથી બેંક એકાઉન્ટની ડિટેઈલ માંગવામાં આવેલ. જે અરજદારો દ્વારા રજુ કરવામાં આવેલ નથી.

(૫.૬) સામાવાળાએ વધુમાં જણાવેલ છે કે, અરજદારે ફરજ પર પરત લેવા અરજી કરવામાં આવેલ જેનો પ્રત્યુતર સામાવાળા સંસ્થાની પેટા

કચેરીના પત્રથી આપવામાં આવેલ. જેમાં જે પુરાવાઓ અરજદારના કબજામાં છે તે જ પુરાવાઓ માંગવામાં આવેલ તેનો કોઈ પ્રત્યુતર અરજદાર દ્વારા આપવામા આવેલ નથી. અરજદાર સામાવાળાની કચેરીની આજી –૪ સિંચાઈ યોજના પર નોકરી કરતા જ ન હતા. તેઓ તરફથી લતીપર ગામે ડેમ અને કેનાલ પર કામગીરી કરતા હતા તેવુ તેઓની અરજીમા જણાવેલ છે. લતીપર ગામે સામાવાળાની કચેરી હેઠળ કોઈ ડેમની કે કેનાલની કામગીરી કરવામાં આવેલ નથી. તો પછી છુટા કરવાનો કે નોટીસ આપવાનો કે નોટીસ પે આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

(પ.૭) ઉપરાંત અરજદાર દ્વારા જણાવવામાં આવેલ કે રેકર્ડ સામાવાળાના કબજામાં છે જેના જવાબમાં જણાવેલુ કે, અરજદારે સામાવાળા ની પેટા કચેરીના પત્રમાં પોતાની નોકરી પુરવાર કરવાનો એક પણ પ્રયત્ન કરેલ નથી. ઉપરાંત માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત પેટા કચેરીની તમામ માહિતી સામાન્ય જનતા માટે ખુલી મુકવામાં આવેલ છે તો અરજદાર ધ્વારા એક પણ વખત પોતાની નોકરી સાબિત કરવા માહિતી માંગવામાં આવેલ નથી કે કોઈ લેખિત રજુઆત કરવામાં આવેલ નથી.

(પ.૮) અમો સામાવાળાએ આઈ.ડી. એકટની કલમનો ભંગ કરી અરજદાર પાસે કામગીરી લીધેલ જ નથી. જેથી આઈ.ડી.એકટની કલમ ૨૫ જી અને ૨૫–એચ નો ભંગ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(પ.૯) સામાવાળા વધુમાં જણાવે છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કયારેય એમ્પલોય અને એમ્પ્લોયરનો સંબંધ પ્રસ્થાપિત થયેલ નથી. જેથી સામાવાળાએ આઈ.ડી.એકટની એકપણ કલમનો ભંગ કરેલ નથી. અરજદાર દ્વારા આવી મૌખિક અને ખોટી રજુઆતો કરવામા આવેલ છે અને માત્ર નામદાર કોર્ટના અન્ય ચુકાદાના રેફરન્સ ટાંકી કેસમાં પ્રભાવ ઉભો કરી નોકરીમા દાખલ થયેલ છે ત્યારબાદ તા.૧૭/૧૦/૧૯૮૮ ના ઠરાવના લાભો

મેળવવા માટે નામદાર હાઈકોર્ટ સમક્ષ કેસ દાખલ કરે છે અને એકપણ દિવસની હાજરી વગર તમામ લાભો મેળવે છે અને આશરે એક અરજદાર દીઠ એક કરોડથી પણ વધારે નાણાકીય ઉચાપત ઉભી કરે છે જે નામદાર કોર્ટને ધ્યાને લેવા વિનંતી કરેલ છે. તેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારનો રેફરન્સ રદ કરી અને નામદાર કોર્ટ દ્વારા યોગ્ય આદેશ થવા વિનંતી તથા અરજદાર દ્વારા ખોટા પુરવાર થયે તેમના વિરૂધ્ધ નામદાર કોર્ટ સમક્ષ ખોટા પુરાવાઓ રજુ કરવા બદલ દંડ કરવા અથવા તપાસ હાથ ધરવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે અરજદાર તરફે આંક ૯ થી અરજદારનું પુરાવાનું સોગંદનામું રજુ કરી આંક ૧૦ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૭) આ કામે સામાવાળા નંબર ૨ તરફે આંક–૧૧ થી સાહેદ પ્રશાંતભાઈ ભોજાણીનું પુરાવાનું સોગંદનામું રજુ કરી, તેની સાથે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૮) આ કામેના અરજદાર અને સામાવાળાના વિ.વકીલશ્રી ઓની દલીલો લેખિત દલીલો વંચાણે લીધી તથા વધારાની મૌખિક દલીલો સાંભળી. અત્રેના ઔધોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ વિચારણા માટે ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

**૧.** શું બીજા પક્ષકાર દ્વારા તા.૧/૦૭/૨૦૨૪ ના રોજ ઉપસ્થિત કરવામાં આવેલ આવેલ ઔધોગીક વિવાદ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે અસ્તીત્વમાં હતો ?

**૨.** શું આ કામના બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

**૩.** આખરી શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મૂજબ છે.

**૧.** નકારમાં

**૨.** નકારમાં

**૩.** આખરી હુકમ મુજબ

## –:: કા ર ણો ::–

### મુદ્દા નં.૧ :–

(૧૦) હાલની અરજીની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલાં રેકર્ડ પર આવેલ હકીકતો નોંધવી જરૂરી જણાય છે. આ કામના અરજદારે પોતાના માંગણાના નિવેદનમાં, તેઓ સામાવાળા સંસ્થામાં ૧૯૯૮ /૯૯ થી ફરજ બજાવતા હતા. તેઓને મીનીમમ વેજીસ અનુસાર દૈનિક વેતન ચુકવતા હતા. આ કામના અરજદાર આ કામના સામાવાળા નં.ર ના તાબા નીચેની ડેમ સાઈડ તથા કેનાલની લતીપુર પાસે મજુર તરીકે તા.૦૧/૦૧/૨૦૧૨ સુધી ર૪૦ દિવસ કરતા વધારે નોકરી કરેલ હતી. વધુમાં અરજદાર જણાવે છે કે આ કામના સામાવાળા અરજદારની હાજરી પુરતા તે સિવાય કોઈ લેખીતમાં નિમણુંક હુકમ કે હાજરી કાર્ડ કે પગાર ચિઠ્ઠી આપતા નહિ. સદર હાજરીનો રેકર્ડ સામાવાળાના કબ્જામા છે. સામાવાળા દ્વારા અરજદારને અલગ અલગ જગ્યા ઉપર કામ આપવામાં આવતુ અને મસ્ટરમાં હાજરી પુરતા હતા. કયારેય હેન્ડરીસીપ્ટ ઉપર કામ આપવામાં આવતુ હતુ અને વાઉચર ઉપર સહી લેવામાં આવતી હતી. અરજદાર જે ફરજ બજાવતા તે કાયમી પ્રકાર ની હતી. આ કામના સામાવાળા નંબર ર એ અરજદારને તા.૦૧/૦૧/૨૦૧૨ ના રોજ નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર ચુકવ્યા વગર મૌખિક હુકમથી છુટા

કરેલ છે અને આમ સામાવાળાઓએ આઈ.ડી. એકટની કલમ–૨૫ એફ ની જોગવાઈઓનો ભંગ કરેલ છે. ત્યારબાદ અરજદારે સામાવાળાઓને માંગણાની નોટીસ આપેલ. તેનો સામાવાળાઓએ ઉડાઉ જવાબ આપેલ કે કામદારોએ તેઓની સંસ્થામાં કામ જ કરેલ નથી. તેથી સદર રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે.

આમ અરજદારની ઉપરોકત હકીકતને ધ્યાને લેતા સામાવાળા સંસ્થાએ આ અરજદારને તા.૦૧/૦૧/૨૦૧૨ ના રોજ છુટા કર્યા બાદ અરજદારે તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજ માંગણાની નોટીસ આપેલ છે. આમ અરજદારે આશરે ૧૨ વર્ષના સમયગાળા બાદ આ કેસ કરેલ છે.

(૧૧) ઉપરોકત હકીકત સંર્દભમાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨ એ ની જોગવાઈઓનો ઉલ્લેખ કરવો જરુરી છે, જે અહી રીપ્રોડયુસ કરેલ છે.

**[2A. Dismissal, etc., of an individual workman to deemed to be an industrial dispute.-**

[(1)] Where any employer discharges, dismisses, retrenches or otherewise terminates the services of on individual workman, any dispute or difrence between that workman and his employer connected with, or arising out of, such discharge, dismissal, retrenchment or termination shall be deemed to be an industrial dispute notwithstanding that no other workman nor any union of workman is a party to the dispute.]

(2) Notwithstanding anything contained in section 10 any such workman as is specifed in sub-section (1) may, make an application direct to the Labour Court or Tribunal for adjudication of the dispute referred to therein after the

expiry of forty-fve days from the date he has made the application to the Conciliation Officer of the appropriate Government for conciliation to the dispute, and in receipt of such application the Labour Court or Tribunal shall have powers and jurisdiction to adjudicate upon the dispute, as if it were a dispute referred to it by the appropriate Government in accodance with the provisions of this Act and all the provisions of this Act shall apply in relation to such adjudication as they apply in relation to an industrial dispute referred to it by the appropriate Government.]

[(3) The application referred to in sub-section (2) shall be made to the Labour Court or Tribunal **before the expiry of three years from** the date of dicharge, dismissal, retrenchment or otherewise termination of service as specifed in sub-section(1).

(૧૨) ઉપરોકત હકીકત સંદર્ભે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–ર એ ની પેટા કલમ ૩ જોઈએ તો અરજદારને ડીસ્ચાર્જ, ડીસમીસલ, રીટ્રેચમેન્ટ કે ટર્મીનેશન કર્યાની તારીખથી ૩ વર્ષની અંદર અરજી કરવી જોઈએ. હાલના કેસનુ રેકર્ડ જોતા મદદનીશ શ્રમ આયુકત ધ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૧) અન્વયે આ અદાલતને રેફરન્સ કરેલ છે. જે અરજદારે ૧ર વર્ષ બાદ કરેલ છે. ઉપરોકત કાયદાની જોગવાઈ મુજબ ડીલે અંગે નામદાર સુપ્રીમ કોર્ટનો **પ્રભાકર વિ. જોઈન્ટ ડાયરેકટર, શેરી કલ્ચર વિભાગ**નો ચુકાદો મહત્વનો છે જેના પેરા–૨૬ નીચે મુજબ રીપ્રોડયુસ કરેલ છે.

"26. The aforesaid case law depicts the following:

(a) Law of limitation does not apply to the proceedings under the industrial Disputes Act, 1947.

(b) The words 'at any time' used in Section 10 would support that there is no period of limitation in making an order of reference.

(c) At the same time, the appropriate Government has to keep in mind as to whether the dispute is still existing or live dispute and has not become a stale claim and if that is so, the reference can be refused.

(d) Whether dispute is alive or it has become stale / non existent at the time when the workman approaches the appropriate Government is an aspect which would depend upon the facts and circumstances of each case and there cannot be any hard and fast rule regarding the time for making the order of reference."

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત લક્ષમાં લેતા ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦ મુજબના પ્રોસીડીંગ્સમાં લો ઓફ લીમીટેશન લાગુ પડતો નથી પરંતુ વિવાદ લાઈવ એટલે કે જીવંત છે કે કેમ? અને વિવાદ સ્ટેલ એટલે કે વાસી થયેલ છે કે કેમ? અંગે ન્યાયિક નિર્ણય કરીને રેફરન્સનો નિર્ણય કરવાનો હોય છે. વધુમાં પ્રતિરોધ, જતુ કરેલ હોવા અંગે તેમજ મુકત સંમતિ અંગેના સિધ્ધાંતો પણ ડીલેથી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦ મુજબનો રેફરન્સ દાખલ કરેલ હોય ત્યારે તેના ગુણદોષ ઉપર નિર્ણિત કરવા માટે મહત્વના છે.

(૧૩) ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨ એ ની પેટા કલમ–૩ જોઈએ તો અરજદારને ડીસ્ચાર્જ, ડીસમીસલ, રીટ્રેંચમેન્ટ કે ટર્મીનેશન કર્યાની તારીખથી ૩ વર્ષની અંદર અરજી કરવી જોઈએ. જયારે ધ લેબર લોઝ (ગુજરાત એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૫ થી એકટ નં.૨૯/૨૦૧૫ મુજબ ગુજરાત

એમેન્ડમેન્ટ જોતા તા.૩૦/૯/૨૦૧૫ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ હોવાનુ જણાવેલ છે. જયારે હાલનો રેફરન્સ અરજદારે ૨૦૨૪ માં દાખલ કરેલ છે. આમ ઉપરોકત ગુજરાત એમેન્ડમેન્ડની જોગવાઈઓ હાલના કેસમાં લાગુ પડે છે. આમ, કામદારને ડીસ્ચાર્જ, ડીસમીસલ, રીટ્રેચમેન્ટ કે ટર્મીનેશન કર્યાની તારીખથી ૧ વર્ષની અંદર રેફરન્સ ફાઈલ કરવો જોઈએ. હવે આ કામે રજુ થયેલ અરજદારના માંગણાનુ નિવેદન ઘ્યાને લેતા વિવાદ ૨૦૨૪ માં ઉપસ્થિત કરેલ છે અને તેમાં મૌખીક હુકમથી તા.૦૧/૦૧/૨૦૧૨ ના રોજ છુટા કર્યાનુ જણાવેલ છે. આમ, અરજદારે તેમને છુટા કર્યા બાદથી ૧૨ વર્ષ ઉપરાંતના સમય બાદ હાલનો રેફરન્સ દાખલ કરેલ છે. આમ, ઉપરોકત ઐાદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨ એ પેટા કલમ (૩) મુજબ ૧ વર્ષમાં વિવાદ ઉપસ્થિત કરેલ નથી. આ કામે અરજદારે પોતે જ તેમને છુટા કર્યાનો સમયગાળો તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ જેથી છુટા કર્યાની તારીખ સંબંધે કોઈ પુરાવો લેવાની પણ જરૂર નથી.

(૧૪) આ કામે અરજદારના વિદ્વાન વકિલશ્રીએ પોતાની મૌખિક રજુઆત તથા વિગતવારની લેખિત દલીલમાં આ રેફરન્સ દાખલ કરવામાં થયેલ ઢીલ માફી સંબંધે વડી અદાલતને નુક્સાન થયેલ પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જણાવેલ છે. જેમા તેઓએ મુખ્યત્વે ઉપરોક્ત ટાંકેલ પ્રભાકરનો ચુકાદો રજુ કરેલ છે. વધુમાં આ કામમાં અરજદારે કેસ દાખલ કરવામાં વિલંબ કરેલ છે જે બાબતે જણાવે છે કે, આઈ.ડી.એકટમાં કેસ દાખલ કરવા અંગે કોઈ સમય મર્યાદા નક્કી થયેલ નથી જેથી વિલંબનો પ્રશ્ન રહેતો નથી જેથી આ ઢીલની બાબતને લક્ષ્યમાં લઈ શકાય નહી તેમજ તેઓ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હોય આ બાબતે કોઈ કાયદાકીય જ્ઞાન અને માહીતી ન હોય અને આજુબાજુના ગામના કામદારોએ કેસ કરેલ અને જીતી ગયેલાનું તેમના ધ્યાનમાં આવતા તેઓ દ્ધારા આ કેસ દાખલ કરવામાં આવેલ છે. નામદાર ઉચ્ચ અદાલત દ્ધારા એવો સિધ્ધાંત પ્રસ્થાપીત થયેલ છે કે, ડીલે વુડ નોટ ડિફિટ જસ્ટીઝ એટલે કે, લેબર કાયદા હેઠળ ડીલેના કારણોસર કામદારને

ન્યાયથી વંચીત રાખી શકાય નહીં. અન્ય મુદ્દા બાબતે જણાવે છે કે, જયારે રાજય સરકાર દ્વારા નામદાર કોર્ટને રેફરન્સ મોકલવામા આવેલ છે ત્યારે કન્સીલિયેશન અધિકારી સમક્ષ અરજદારે ડીલે અંગે વિસ્તૃત અરજી આપેલ છે જે ધ્યાને લઈ આ રેકરન્સ કરવામા આવેલ છે જે અરજીના કારણો ડિલે અંગે ધ્યાને લેવા અરજ કરેલ છે. વધુમાં નામદાર મજૂર અદાલતને જે અનુસૂચિ મોકલવામાં આવેલ છે તે મુજબ જ નામદાર અદાલતે મુદ્દો ડિસાઈડ કરવાનો રહે છે તેમા ડિલે અંગેનો કોઈ મુદ્દો અલગથી અનુસૂચિમાં મોકલવામાં આવેલ નથી. જેથી આ તમામ મુદ્દાઓ ઉપરાંત નામદાર ઉચ્ચ અદાલતોના વિવિધ ચુકાદાઓ ડીલે અંગેના લક્ષમા લઈ, આ કામમાં થયેલ વિલંબ માફ ગણી અને મુળ કેસ મેરીટસ પર ધ્યાને લેવો જોઈએ. આ ઉપરાંત સામાવાળા સાહેદની ઉલટતપાસ તરફ ધ્યાન દોરી સામાવાળાએ ઔધોગીક ધારાની કલમ-૨૫ (એફ),(જી),(એચ) નો ભંગ કરેલ સંબંધીત થતા હોવાનું ભારત કોર્ટે રજુઆત કરેલ છે. આ ઉપરાંત આઇ.ડી. એક્ટની કલમ ૨૫ (બી) તથા ૨૫ (એફ)ની આજ્ઞાત્મક જોગવાઈનુ પાલન કરવા સંબંધેના ચુકાદાઓ રજુ કરેલ છે. જ્યારે સામાવાળા તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટના **પ્રવિણ પ્રેમજીભાઈ પરમાર વિરુધ્ધ ગુજરાત રાજ્ય**ના તા.૦૮/૦૭/૨૦૨૪ના ચુકાદા પર આધાર રાખેલ છે. સામાવાળા તરફે અરજદારોએ વર્ષો બાદ હાલનો રેફરન્સ કરેલ હોવાનું સ્પષ્ટપણે અરજદારોને જણાવેલ હકીકતો પરથી જ રેકર્ડ પર આવતું હોય અને અરજદારોએ ખરેખર કામ કરેલ છે કે કેમ? તે બાબતે પણ કોઈ પુરાવાઓ રેકર્ડ પર આવતા ન હોય તે તમામ હકીકતો તરફ ધ્યાન દોરી વિદ્વાન સરકારી વકીલએ અરજદારને તેની દલીલમાં ટાંકેલ ચુકાદા લાગુ પડતાં ન હોવાની ભારપુર્વક રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર કામદારની ઉલટતપાસ તરફ ધ્યાન દોરી તેઓએ વર્ષ બાદ હાલનો કેસ કરેલ હોય અને તે અંગે કોઈ ઢીલ અરજી કરેલ ન હોય તથા કામગીરી માટે અરજદાર પાસે કોઈ આધાર પુરાવો ન હોય તેવી કબુલાત કરેલ હકીકતથી પણ અરજદારનો રેફરન્સ ટકવા પાત્ર ન હોવાની ભારપુર્વકની દલીલ સરકારી વકીલશ્રીએ કરેલ છે.

(૧૫) આ કામે બન્ને પક્ષની દલીલ તથા ઉપરોક્ત ટાંકેલ કાયદાની જોગવાઈ અને નામદાર સુપ્રિમકોર્ટના પ્રભાકરનો ચુકાદો ધ્યાને લેતાં પક્ષકારો

વચ્ચેનો વિવાદ જીવંત છે કે વાસી થઈ ગયેલ છે? તે જોવું જરૂરી છે. આ કામે અરજદારનાં વિદ્વાન વકીલશ્રીએ પોતાની દલીલમાં ઔદ્યોગીક ધારાની કલમમાં સમયમર્યાદા કાયદો લાગુ પડતો ન હોય અને રેફરન્સ કરવા માટે કોઈ સમયમર્યાદા આપવામાં આવેલ ન હોય જેથી સમયમર્યાદાના ધોરણ પુરતો આ રેફરન્સનો નિર્ણય કરી શકાય તેમ હોવાની ભારપુર્વકની દલીલ કરેલ છે. અરજદારનાં વિદ્વાન વકીલશ્રીની દલીલ અનુસંધાને સામાવાળા તરફે રજુ કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પ્રવિણ પ્રેમજીભાઈ પરમારનાં ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર હાઈકોર્ટે સમયમર્યાદાના આ મુદ્દા સંબંધે નામદાર સુપ્રીમકોર્ટનાં વિવિધ ચુકાદા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ટાંકીને પેરા–૭ માં આપેલ તારણ અહીં પ્રસ્તુત છે.

42.1 An industrial dispute has to be referred by the appropriate Government for adjudication and the workman cannot approach the Labour Court or Industrial Tribunal directly, except in those cases which are covered by Section 2A of the Act. Reference is made under Section 10 of the Act in those cases where the appropriate Government forms an opinion that 'any industrial dispute exists or is apprehended'. The words 'industrial dispute exists' are of paramount importance unless there is an existence of an industrial dispute (or the dispute is apprehended or it is apprehended such a dispute may arise in near future), no reference is to be made. Thus, existence or apprehension of an industrial dispute is a sine qua non for making the reference. No doubt, at the time of taking a decision whether a reference is to be made or not, the appropriate

Government is not to go into the merits of the dispute. Making of reference is only an administrative function.

7. Now, it is well settled that the workman has to approach and raise the industrial dispute within reasonable time, though there is no time limit prescribed under the provisions of Industrial Disputes Act, 1947. However, in view of the judgment of the Hon'ble Apex Court and this Court, the industrial dispute is required to be raised within reasonable time. In present case, there is delay of almost 9 years by the workman in approaching the Labour Court. Therefore, this is considered as 'gross delay' and therefore, on that ground also the petition does not deserve to be entertained.

નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તાજેતરનાં આ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સમયમર્યાદાનાં મુદ્ધા અન્વયેનાં કાયદાકીય સિધ્ધાંતોને ધ્યાને લેતાં સમયમર્યાદા મુદ્દે જ અરજદારનો રેફરન્સ ચાલવા પાત્ર ન હોવાનું પ્રસ્થાપિત થાય છે.

(૧૬) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **જગદીશ કીશોરભાઈ પરમાર વિરૂધ્ધ પ્રેસીડેન્ટ** – 4[2019(3) CLR 900] ના ચુકાદામાં છ વર્ષ બાદ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ તે હકીકત લક્ષ્ય પર લઈ વિલંબથી તકરાર બીજા પક્ષકાર ધ્વારા ઉપસ્થિત કરેલ હોઈ નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોકત પ્રભાકર (સુપ્રા.)ના ચુકાદાને લક્ષ્ય પર લઈ તકરાર હયાત ન હોવાનુ ઠરાવી પીટીશન રદ ફરમાવેલ છે.

(૧૭) આ કામે અરજદારના વિ.વકીલશ્રીએ પોતાની દલીલમાં ડીલેનો કોઈ મુદ્દો અનુસુચિમાં મોકલવામાં આવેલ ના હોય આ કોર્ટ તે બાબતે જોઈ શકે નહી તેવી દલીલ કરેલ છે. આ અંગે નામદાર હાઈકોર્ટના ચુકાદામાં લક્ષમાં લીધેલ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં આપેલ તારણ (Making of reference is only an administrative function.) મુજબ આ માત્ર વહીવટી પ્રક્રીયા હોય તેમાં કેસના ગુણદોષને ધ્યાને લેવાના હોતા નથી. આથી અનુસુચિમાં સમયમર્યાદાનો મુદ્દો રીફર કરવામાં આવેલ ના હોય તો કોર્ટ સામાવાળાની સમયમર્યાદાની તકરાર હોવા છતાંને માત્ર આ જ કારણથી આ મુદ્દાને અવગણી શકે નહી. નામદાર સુપ્રીમ કોર્ટના પ્રભાકર (સુપ્રા.)ના ચુકાદામાં પણ આ તકરારની નોંધ લેવામાં આવેલ છે અને તેમાં વિવિધ ઉદાહરણો સાથે સમય મર્યાદા બહારના વાસી થઈ ગયેલ ઔદ્યોગિક વિવાદોને પ્રોત્સાહન ના આપવા નિર્દેશનો કરેલ છે. આમ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેતા હાલના કામે અરજદારે તેમનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(એ) મુજબ દાખલ કરેલ છે ત્યારે સદર કલમની પેટા કલમ ૩ મુજબ ૧ વર્ષની જે સમયમર્યાદા ગુજરાતમાં એમેન્ડમેન્ટ થી કાયદામાં નિર્ધારિત કરેલ છે. આથી અરજદાર ધ્વારા તા.૧/૦૫/૨૦૨૪ ના રોજ ઉપસ્થિત કરવામાં આવેલ ઔધોગીક વિવાદ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે અસ્તીત્વમાં હોવાનું કોઈ પણ રીતે પુરવાર થતું ના હોય મુદ્દા નંબર ૧ જવાબ નકારમાં ઠરાવું છું.

**મુદ્દા નં. ૨, ૩ :–**

(૧૭) આમ ઉપરોકત તમામ ચર્ચા લક્ષ્ય પર લેવામાં આવે તો ઔધોગીક તકરાર ઉપસ્થિત કરવામાં આવી તે સમયે ખરેખર તકરાર અસ્તિત્વમાં હતી જ નહીં તેમ પુરવાર થાય છે તેમ છતાં ગુણદોષ પર વિશેષ ચર્ચા કરવામાં આવે અને રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં

આવે તો બીજા પક્ષકારે માંગણા નીવેદન રજુ કરેલ છે અને માંગણા નીવેદનની હકીકત પુરવાર કરવા સરતપાસ સોગંદનામાં સ્વરૂપે રજુ કરેલ છે જે સોગંદનામામાં માંગણા નીવેદનના કથનોનું પુનરાવર્તન કરવામાં આવેલ છે. જેમાં તેઓએ  સામાવાળા સંસ્થા માં કામ કરેલ હોવાનું જણાવેલ છે. જો કે તેઓ ધ્વારા આ બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં છેલ્લા ૨૪૦ દિવસ કયારથી ગણવાના થાય તે બાબતે કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ પર આવતો ના હોય કામદારે ખરેખર ત્યાં કામ કરેલ છે કે કેમ? તે હકીકત પણ શંકાસ્પદ બની જાય છે. તેવા સંજોગોમાં કામદાર ધ્વારા સળંગ કામગીરી કરેલ હોવાનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને આથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન તેઓ ધ્વારા ૨૪૦ થી ઓછા નહી તેટલા દિવસની કામગીરી કરેલ હોવાનું પણ ફલીત થતુ નથી. તેવા સંજોગોમાં બીજા પક્ષકાર ધ્વારા સંસ્થામાં નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન ૨૪૦ દિવસ કરતા ઓછા નહી તેટલા દિવસની કામગીરી કરેલ તેમજ આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકારને છુટા કરતા સમયે કાયદાની કલમ-૨૫ (એફ)(જી)(એચ)ના પાલન કરવાની કે ભંગ કરેલ હોવાની બાબત ગૌણ બની જાય છે.

(૧૮) આ કામના બીજા પક્ષકાર ધ્વારા પોતાની ફરીયાદમાં તેમજ માંગણા નિવેદનમાં તથા પુરાવાના સોગંદનામાં તેઓ ધ્વારા હાલનો રેફરન્સ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા અરજ કરેલ છે પરંતુ મુદ્દા નં.૧ માં જણાવ્યાં પ્રમાણે બીજા પક્ષકાર ધ્વારા ૨૦૨૪ માં આ ઔધોગીક વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે ઔધોગીક વિવાદ અસ્તીત્વમાં હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી, તેવા સંજોગોમાં બીજા પક્ષકાર રેફરન્સની અનુસુચી મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર થતા ન હોય

આ કામના બીજા પક્ષકાર તેઓના માંગણા નિવેદનમાં માંગ્યાં મુજબની કોઈ દાદ મેળવવા હકદાર થતા ના હોય મુદ્દા નં.ર નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૩ લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: આ ખ રી હુ ક મ ::–**

**૧.** આ કામના અરજદારનો હાલનો રેફરન્સ ના–મંજુર કરવામાં આવે છે.

**ર.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**૩.** એવોર્ડ પ્રસિધ્ધ થયેથી મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ–૮ ના નિયમ–૩ર ની જોગવાઈ મુજબ સંબંધિત પક્ષકારને હાલના એવોર્ડની નકલ આપવા નિયમ અનુસાર કાર્યવાહી કરવી.

તા. ર૭/૦ર/ર૦ર૬
જામનગર

**(દીલીપ વૃજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.ર,જામનગર
આઈ.ડી.નં.જીજે–૦૧ર૯૮